દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શનિવાર ૧૩ જૂન, ૨૦૨૬

# NEET-UGની પરીક્ષા માટે કરવી પડેલી ફુલપ્રુફ વ્યવસ્થા સરકાર માટે નામોશી જ કહી શકાય

દેશની સૌથી પ્રતિષ્ઠિત અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી મેડિકલ પ્રવેશ પરીક્ષા 'NEET-UG' ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે. ગત ૩ મેના રોજ લેવાયેલી મૂળ પરીક્ષા પેપર લીકના ગંભીર કૌભાંડ બાદ રદ કરવી પડી, જેના કારણે દેશભરમાં લાખો પ્રમાણિક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને માનસિક આઘાત અને અનિશ્ચિતતાના દોરમાંથી પસાર થવું પડ્યું છે. હવે આગામી ૨૧ જૂને આ મહાપરીક્ષા પુનઃ યોજાવા જઈ રહી છે ત્યારે એક વખત પેપર લીક થયા બાદ જે આબરૂનું ધોવાણ થયું છે તે સુધારવા માટે કેન્દ્ર સરકારે આ વખતે પેપર લીક નહીં થાય તે માટે ફુલપ્રુફ વ્યવસ્થા ગોઠવી છે. આ વખતે કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીએ દેશના બે સૌથી શક્તિશાળી અર્ધલશ્કરી દળો–સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ અને સેન્ટ્રલ ઇન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સની સાથે ભારતીય વાયુસેનાને પણ મેદાનમાં ઉતારી દીધી છે. હૈદરાબાદ અને અમદાવાદના પ્રિન્ટિંગ પ્રેસથી લઈને દેશના ૫૫૧ શહેરોના ૫,૪૦૦ થી વધુ કેન્દ્રો સુધી પ્રશ્નપત્રો પહોંચાડવા માટે વાયુસેનાના વિશેષ વિમાનો અને હાઈ-રિસ્ક વીઆઈપી પ્રોટેક્શન કમાન્ડો તૈનાત કરવામાં આવ્યા છે. કોઈ શૈક્ષણિક પરીક્ષા માટે આ સ્તરની રાષ્ટ્રીય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવી પડી હોય તેવો ભારતભરમાં આ પ્રથમ કિસ્સો છે. આ કડક આયોજન આપણી વર્તમાન પરીક્ષા પદ્ધતિ અને વહીવટી તંત્રની આંતરિક નબળાઈઓ પર પણ અનેક ગંભીર સવાલો ઊભા કરે છે.

ગત પરીક્ષામાં જે રીતે પેપર લીક કરનારા માફિયાઓએ આખી સિસ્ટમને બાનમાં લીધી અને પરીક્ષાના બે દિવસ પહેલા જ પ્રશ્નપત્રો કેટલાક વગદાર ઉમેદવારોના મોબાઈલ સુધી પહોંચાડી દીધા, તેણે દેશની શિક્ષણ વ્યવસ્થાની વિશ્વસનીયતા ધૂળમાં મેળવી દીધી હતી. ૧૨ મેના રોજ જ્યારે પરીક્ષા સત્તાવાર રીતે રદ થઈ, ત્યારે તે માત્ર એક પરીક્ષા રદ નહોતી થઈ, પરંતુ ૨૨ લાખથી વધુ વિદ્યાર્થીઓની રાત-દિવસની મહેનત અને ભરોસો પણ તૂટ્યો હતો. કેન્દ્ર સરકારે પેપાર મોકલવા માટે કરેલી આ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા એ વાતનો સ્વીકાર છે કે આપણી સિવિલ વહીવટી વ્યવસ્થા, ખાનગી એજન્સીઓ અને સ્થાનિક તંત્ર પેપર લીક કરનારા સંગઠિત માફિયાઓ સામે લાચાર સાબિત થયા છે. જ્યારે કોઈ દેશમાં પેપર લીક રોકવા માટે વાયુસેનાના વિમાનો ઉડાડવા પડે, ત્યારે સમજી લેવું જોઈએ કે ગુનેગારોના હોસલા કેટલા બુલંદ હશે અને સિસ્ટમ અંદરથી કેટલી સડી ચૂકી છે. ભ્રષ્ટાચારના મૂળિયાં કેટલા ઊંડા? પ્રશ્નપત્ર છાપનારા પ્રેસથી લઈને પરીક્ષા કેન્દ્રના સંચાલકો સુધી ક્યાંક ને ક્યાંક લાલચ અને ભ્રષ્ટાચારનું એવું નેટવર્ક ગોઠવાયેલું છે. જેને સામાન્ય કાયદો કે સીસીટીવી કેમેરા રોકી શકતા નથી. કમાન્ડો પહેરો કદાચ ભૌતિક રીતે પેપરને સુરક્ષિત રાખશે, પરંતુ ડિજિટલ યુગમાં ટેકનિકલ છિદ્રો અને માનવીય લોભને માત્ર હથિયારધારી જવાનોથી રોકી શકાતો નથી. પરીક્ષા કેન્દ્રો પર જ્યારે હથિયારબંધ જવાનો અને કમાન્ડો તૈનાત હશે, ત્યારે તે પ્રામાણિક વિદ્યાર્થીઓ પર એક અદ્રશ્ય માનસિક દબાણ ઊભું કરી શકે છે. ૧૭-૧૮ વર્ષના વિદ્યાર્થીઓ જેઓ પહેલેથી જ કરિયરના ભારે તણાવમાં હોય છે, તેઓ પરીક્ષા કેન્દ્રને બદલે કોઈ 'યુદ્ધ ક્ષેત્ર' માં પ્રવેશતા હોય તેવો ભય અનુભવી શકે છે. જો આપણે દર વર્ષે આવી રાષ્ટ્રીય કક્ષાની પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને પારદર્શી રીતે લેવી હોય, તો કમાન્ડો તૈનાત કરવા એ કાયમી ઈલાજ નથી, તે માત્ર તત્કાલીન મલમપટ્ટી છે. સાચો ઉકેલ માળખાકીય અને કાનૂની સુધારામાં છેઃ ખરેખર પ્રિન્ટિંગ પ્રેસ અને પરિવહનની ઝંઝટ જ ખતમ કરી દેવી જોઈએ. પરીક્ષા શરૂ થવાની થોડી મિનિટો પહેલા જ સીધા પરીક્ષા કેન્દ્રના કમ્પ્યુટર પર અત્યંત સુરક્ષિત એન્ક્રિપ્ટેડ ફોર્મેટમાં પેપર મોકલવા અને ત્યાં જ ડિજિટલ પ્રિન્ટ કાઢવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. પેપર લીક કરનારા માફિયાઓ માટે એવો કડક કાયદો હોવો જોઈએ જેમાં જામીન ન મળે અને તેમની મિલકતો જપ્ત થાય. આવા કેસો ચલાવવા સ્પેશિયલ ફાસ્ટ ટ્રેક કોર્ટ હોવી જોઈએ જેથી ગુનેગારોને મહિનાઓમાં જ સજા થાય,

વર્ષો સુધી કેસ ન લંબાય.ઉપરાંત NTA જેવી સંસ્થાઓની આંતરિક કાર્યપ્રણાલીને સંપૂર્ણ પારદર્શક બનાવવી પડશે. જો કોઈ મોટી ચૂક થાય, તો માત્ર નાના કર્મચારીઓ જ નહીં, પરંતુ ઉચ્ચ અધિકારીઓની પણ સીધી જવાબદારી નક્કી થવી જોઈએ. ભવિષ્યના ભારતમાં આપણે એવી શિક્ષણ વ્યવસ્થાનું નિર્માણ કરવાનું છે જ્યાં પરીક્ષાઓ ઉત્સવ સમાન હોય, યુદ્ધ સમાન નહીં. જ્યારે વિદ્યાર્થીઓ કમાન્ડોના હથિયારો જોઈને નહીં, પણ દેશના કાયદા અને વ્યવસ્થા પર ભરોસો રાખીને નિર્ભયતાથી પરીક્ષા ખંડમાં પ્રવેશ કરશે, ત્યારે જ સાચા અર્થમાં દેશની શૈક્ષણિક વિશ્વસનીયતા પુનઃ સ્થાપિત થઈ ગણાશે. આશા રાખીએ કે આ 'લશ્કરી પહેરો' આપણી પરીક્ષાઓનો કાયમી ચહેરો ન બને, પરંતુ સિસ્ટમને સુધારવા માટેનો છેલ્લો કટોકટીભર્યો પ્રયાસ સાબિત થાય તે જરૂરી છે.

# ઈન્ડિયા ગઠબંધનનું પુનર્ગઠન: વિપક્ષ માટે છેલ્લી તક

## રાજધાનીના અંતરંગ

**અનિલ આનંદ**

### પ્રાદેશિક નેતાઓની હાર અને ઈન્ડિયા બ્લોકમાં કોંગ્રેસનું પુનઃઉત્થાન

પશ્ચિમ બંગાળમાં મમતા બેનરજીની આગેવાની હેઠળની તૃણમૂલ કોંગ્રેસને મળેલી કારમી ચૂંટણીકીય હાર અને ત્યાર પછી પાર્ટીમાં થયેલા વિભાજનને કારણે વિપક્ષી પાર્ટીઓનું ઈન્ડિયા ગઠબંધન વેરવિખેર થઈ ગયું છે. તમિલનાડુ વિધાનસભા ચૂંટણીમાં ડીએમકેના આવા જ શરમજનક પરાજયે પણ આ સ્થિતિ સર્જી છે. એવું નથી કે આ પહેલાં ગઠબંધન કોઈ સારી સ્થિતિમાં હતું અને તેના માટે બેનરજી જેવા પ્રાદેશિક નેતાઓ સંપૂર્ણપણે જવાબદાર છે.આ પ્રાદેશિક નેતાઓ, જેમણે આમાં મહત્ત્વની ભૂમિકા ભજવવાની હતી, તેઓ નરેન્દ્ર મોદી અને તેમની શાસનવ્યવસ્થા દ્વારા સતત આપવામાં આવી રહેલા પ્રચંડ પડકારને સમજવામાં નિષ્ફળ રહ્યા અથવા તેઓ પોતાના અહંકાર અને વધેલી મહત્ત્વાકાંક્ષાઓના બોજ હેઠળ બીજી તરફ જોતા રહ્યા (સ્થિતિની અવગણના કરતા રહ્યા). પરિણામ આજે સૌની સામે છે.

જે મમતા બેનરજી મુખ્યમંત્રીની ખુરશી ગુમાવતાં પહેલાં અને પક્ષપલટા તેમ જ વિભાજનને કારણે ઘરવિહોણાં થતાં પહેલાં ઈન્ડિયા ગઠબંધનને ધિક્કારતાં હતાં. તેઓ બે વર્ષના ગાળા પછી યોજાયેલી ગઠબંધનની બેઠકમાં ભાગ લેવા માટે તાબડતોબ દિલ્હી દોડી આવ્યા હતા. તૃણમૂલ કોંગ્રેસ પછીના બીજા સૌથી મોટા ઘટક પક્ષ ડીએમકે દ્વારા ઈન્ડિયા ગઠબંધન છોડવાના નિર્ણયે આ સ્થિતિને વધુ નાજુક બનાવી દીધી છે. આ બાબત બદલાયેલી રાજકીય પરિસ્થિતિની મજબૂરીઓ અને એક નબળા પડી ગયેલા સ્ટ્રીટ-ફાઈટર (મમતા બેનરજી)ની લાચારીને દર્શાવે છે, પરંતુ જે બાબત નથી બદલાઈ તે છે ડાબેરી પક્ષોનું વલણ, જેઓ કેરળના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનારાઈ વિજયન અને સીપીએમ સામે વિધાનસભા ચૂંટણીના પ્રચાર દરમિયાન કોંગ્રેસે લીધેલા સ્ટેન્ડ માટે કોંગ્રેસ પર સતત પ્રહારો કરી રહ્યા છે. ઝારખંડમાં રિટર્નિંગ ઓફિસરે ભાજપ સમર્થિત અપક્ષ ઉમેદવાર પરિમલ નથવાણીને તેમના નામાંકન પત્રમાં રહેલી કેટલીક વિસંગતતાઓને દૂર કરવા માટે ૨૪ કલાકનો સમય આપ્યો હતો. જ્યારે બીજી તરફ, કોંગ્રેસના ઉમેદવાર મીનાક્ષી નટરાજનના પેપર્સ તરત જ રદ કરવામાં આવ્યા હતા, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે તેમણે તેમની સામે પેન્ડિંગ રહેલા એક ફોજદારી કેસની માહિતી છુપાવી હતી. નટરાજને ભારતના ચૂંટણી પંચ (ઈસીઆઈ) સમક્ષ આ વાતનો વિરોધ કરતાં દલીલ કરી હતી કે એવો કોઈ કેસ નથી જેને ગુનાહિત કેસની વ્યાખ્યામાં મૂકી શકાય. કારણ કે, તે તેલંગાણાની અદાલતમાં પેન્ડિંગ રહેલી માત્ર એક ઔપચારિક ફરિયાદ હતી.

બીજું, વિપક્ષી નેતાઓ દિલ્હીની કોન્સ્ટિટ્યુશન ક્લબમાં બેઠક માટે એકત્ર થાય તે પહેલાં જ ભાજપની મશીનરીએ પોતાની આગવી શૈલીમાં સક્રિયતા બતાવી અને ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ વચ્ચેના આંતરિક મતભેદો દર્શાવતાં હોર્ડિંગ્સ લગાવી દીધાં. આનો સ્પષ્ટ હેતુ વિપક્ષની તિરાડો અને નબળી પડેલી એકતાથી ધ્યાન ભટકાવવાનો અને હેડલાઈન્સ મેળવવાનો હતો.

ઈન્ડિયા ગઠબંધનનું સત્ર જે રીતે યોજાયું અને તેનું જે પરિણામ આવ્યું (નેતાઓ દ્વારા જાહેરમાં જે પણ જાહેર કરવામાં આવ્યું હોય), તેનાથી એ સ્પષ્ટ થાય છે કે વિપક્ષી નેતાઓને હજી પણ પરિસ્થિતિની ગંભીરતા સમજાઈ નથી. તેઓ હજી પણ નરેન્દ્ર મોદી અને તેમની વ્યૂહરચનાકારોની ટીમની આક્રમક રણનીતિથી બેખબર હોય તેવું લાગે છે. સત્તાધારી પક્ષ કોઈ પણ હદ સુધી જઈ શકે છે, જે બંને રાજ્યોની રાજ્યસભા ચૂંટણીના કિસ્સાઓ અને તે પહેલાંની ઘણી ઘટનાઓ પરથી દેખાઈ આવે છે. આ બાબતે વિપક્ષી નેતાઓને કોઈ નિર્ણાયક રાજકીય એજન્ડા સાથે આવવા માટે સજાગ કરવા જોઈતા હતા. તેમના દ્વારા સર્વસંમતિથી મંજૂર કરાયેલો પાંચ મુદ્દાનો કાર્યક્રમ વ્યાવહારિક કરતાં શૈક્ષણિક મહત્ત્વનો વધુ છે અને તે ઉચ્ચ ન્યાયતંત્ર તેમ જ કેટલીક ઉચ્ચ બંધારણીય સંસ્થાઓ સંબંધિત વહીવટી પ્રશ્નો સાથે વ્યવહાર કરવા માટે છે. આ બાબત નિઃશંકપણે મહત્ત્વપૂર્ણ છે, પરંતુ તેની સાથે કોઈ મજબૂત રાજકીય એજન્ડા ન હોવાને કારણે તે અસરહીન લાગે છે.

ઈન્ડિયા ગઠબંધનના નેતાઓ માટે લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે કંઈક આશ્ચર્યજનક કે મોટું કરવું વધુ મહત્ત્વનું છે. મોદી સરકારની કામગીરીથી અસંતુષ્ટ લોકોની કોઈ કમી નથી, જેમાં તેમના કટ્ટર સમર્થકો પણ સામેલ છે અને એવાં લોકો પણ મોટી સંખ્યામાં છે જેઓ ઈચ્છે છે કે, કોંગ્રેસની આગેવાની હેઠળનું ગઠબંધન વૈચારિક, સામાજિક અને અન્ય કારણોસર તેમની સરકારને પડકારે.

ગઠબંધનના નેતાઓ દર બે મહિને નિયમિત મળવા માટે સંમત થયા તે હકીકત જ વર્તમાન રાજકીય પરિસ્થિતિ દ્વારા ઊભી કરાયેલી કટોકટીની વિભાવનાને નકારી કાઢે છે. એવું નથી કે વિપક્ષી નેતાઓ બે મહિના પછી મળે તે પહેલાં અન્ય માધ્યમો દ્વારા વાતચીત નહીં કરે, પરંતુ આ નિર્ણયમાં કોઈ તાકીદ જણાતી નથી. વર્તમાન રાજકીય પરિદશ્યમાં જ્યારે 'દેખાડો' ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે અને મોદી-ટીમ આ કળામાં માહિર છે, ત્યારે ઈન્ડિયા ગઠબંધને 'પોઝ' બટનને બદલે 'ઈમરજન્સી' બટન દબાવવું જોઈતું હતું.


પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં ચૂંટણી પરાજયના પરિણામે વિપક્ષી એકતાના ભંગાણ વચ્ચે કોંગ્રેસ આપોઆપ વિપક્ષી એકતાના કેન્દ્રબિંદુ તરીકે ફરી ઊભરી આવી છે. આ એ જ બેનરજી અને તેમના સાથીઓ છે જેમણે ચૂંટણીમાં પરાજયનો સામનો કરતાં પહેલાં કોંગ્રેસને ધિક્કારી હતી અને ઈન્ડિયા ગઠબંધનની મજાક ઉડાવી હતી. હવે રાજકીય પરિસ્થિતિ ધરમૂળથી બદલાઈ ગઈ છે અને મમતા બેનરજીએ માત્ર વિપક્ષી એકતાની વ્યવસ્થાને મજબૂત કરવાનો સંકલ્પ જ વ્યક્ત કર્યો નથી, પરંતુ તેમનો પોતાનો પક્ષ તૂટી રહ્યો હોવા છતાં તેઓ દિલ્હીની બેઠકમાં હાજરી આપવા દોડી આવ્યાં હતાં.

સૌ પ્રથમ અને સૌથી મહત્ત્વની બાબત એ છે કે, પ્રાદેશિક ખેલાડીઓ અને નાના પક્ષોએ કોંગ્રેસને એક વરિષ્ઠ ભાગીદાર અને મુખ્ય કેન્દ્રબિંદુ તરીકે બિનશરતી સ્વીકારવી જ પડશે. કારણ કે, વિપક્ષમાં કોંગ્રેસ જ એક માત્ર એવો પક્ષ છે જે સમગ્ર ભારતમાં હાજરી ધરાવે છે. અને વધુ મહત્ત્વની વાત એ છે કે, કોંગ્રેસે કોઈ પણ વિલંબ વિના પોતાના સંગઠનને મજબૂત કરવું પડશે. સંગઠનને આળસ અને યથાવત્ સ્થિતિની સંસ્કૃતિ તેમ જ નિર્ણયોને બીજા દિવસ પર ટાળવાની આદતમાંથી બહાર લાવવા માટે રાહુલ ગાંધીએ સત્તાવાર રીતે આગળ આવીને નેતૃત્વ કરવું જોઈએ અને એઆઈસીસી (ઓલ ઈન્ડિયા કોંગ્રેસ કમિટી)થી લઈને પીસીસી (પ્રદેશ કોંગ્રેસ કમિટી) નાં સ્તરો સુધી સંગઠનમાં સંપૂર્ણ પરિવર્તનનો આદેશ આપવો જોઈએ. તેમણે ભાજપના 'સ્લીપર સેલ્સ'ને દૂર કરવાનું તેમનું વચન પૂરું કરવું જોઈએ, જે તેમણે લગભગ એક વર્ષ પહેલાં ગુજરાત કોંગ્રેસના સંદર્ભમાં કહ્યું હતું, પરંતુ ત્યાર બાદ કંઈ થયું નથી; કારણ કે, આ સમસ્યા પક્ષનાં ઘણાં રાજ્ય એકમોને સતાવી રહી છે. કદાચ એઆઈસીસીને પણ!

આ સફાઈ અભિયાન (પક્ષમાંથી બિનજરૂરી તત્ત્વોને હટાવવાં) જરૂરી છે અને તેવી જ રીતે એઆઈસીસી અને પીસીસી બંને સ્તરે અનુભવી અને જૂના અગ્રણી નેતાઓ સાથે યુવાન, જોશીલા અને વિશ્વાસુ નેતાઓની ટીમ બનાવવાની પણ જરૂર છે. ગાંધીએ રાજકીય મુદ્દાઓ પર સલાહ આપવા માટે રાજકીય સમજ ધરાવતી એક વિશ્વાસુ ટીમ પણ બનાવવી જોઈએ, જેવું ઈન્દિરા ગાંધી, રાજીવ ગાંધી અને સોનિયા ગાંધીના સમયમાં થતું હતું. આ ટીમને રાજકીય અને ચૂંટણીકીય વ્યૂહરચનાકારો સાથે મિશ્રિત ન કરવી જોઈએ, જેમની પોતાની રીતે એક મહત્ત્વની ભૂમિકા હોય છે. આ લેપટોપ અને ટેક્નોલોજીના જાણકાર નિષ્ણાતોની ચોક્કસ ભૂમિકા છે, પરંતુ તેઓ ક્યારેય કટ્ટર અને અનુભવી રાજકીય નિષ્ણાતોનું સ્થાન લઈ શકે નહીં. જો કે, આ કામ વહેલું થઈ જવું જોઈતું હતું, પરંતુ વર્તમાન પરિસ્થિતિની માંગ છે કે કોંગ્રેસમાંથી છૂટાં પડેલાં તમામ જૂથો અથવા પક્ષોને ફરીથી મુખ્ય પક્ષમાં પાછા લાવવાના પ્રયાસો થવા જોઈએ. આનાથી એવાં રાજ્યોમાં પક્ષ મજબૂત થશે જ્યાં તે નબળો પડ્યો છે અથવા બીજા કે ત્રીજા નંબર પર છે. આ કામ એ રાજ્યોના કોંગ્રેસ એકમો સાથે પરામર્શ કર્યા વિના ન થવું જોઈએ, જ્યાં અલગ થયેલા પક્ષ સક્રિય છે, જેથી કોઈ આંતરિક મતભેદો ન સર્જાય અને પક્ષ અને વિપક્ષને ચૂંટણીની લડાઈ માટે તૈયાર કરી શકાય.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## મૌન પણ એક જવાબ



એક ઝેન માસ્ટર પાસે તેમના શિષ્યો ભેગા થઈને આવ્યા. ઝેન માસ્ટરે તરત જ પૂછ્યું, 'શું કહેવું છે? બધા ભેગા થઈને આવ્યા છો એટલે ચોક્કસ કૈંક કહેવું જ હશે.''

શિષ્યો બોલ્યા, ''માસ્ટર,એક માણસ બહાર તમારા વિષે નકારાત્મક વાતો ફેલાવે છે...'' માસ્ટરે શિષ્યને ચૂપ થવાનો ઈશારો કર્યો અને બોલ્યા, ''મારે કંઈ સાંભળવું નથી...''

બીજે દિવસે તે માણસ ઝેન માસ્ટર પાસે આવ્યો અને તેમની સામે પડકાર ફેંક્યો, ''કે જો તમે સાચા જ્ઞાની હો તો મારા સવાલોના જવાબ આપો.''

ઝેન માસ્ટર શાંત બેસી રહ્યા પણ તેમના શિષ્યો ઊકળી ઊઠ્યા. એક બોલ્યો, અમારા ગુરુ બધું જાણે છે. પૂછો તમારે જે પૂછવું હોય તે ....'' પેલો માણસ જુદા જુદા અઘરા અઘરા પ્રશ્નો પૂછવા લાગ્યો પણ ઝેન માસ્ટરે કોઈ જવાબ ન આપ્યો. પેલાનું અભિમાન વધતું જતું હતું. તે બોલ્યો, ''વાંધો નહિ આ સવાલ અઘરા લગતા હોય તો થોડા સહેલા પ્રશ્નો પૂછું છું.'' આમ કહી તેણે બીજા ઘણા પ્રશ્નો પૂછ્યા...તે સતત પ્રશ્નો પૂછતો જ રહ્યો.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

પણ ઝેન ગુરુ તો મૌન જ રહ્યા...ગુરુનું મૌન ન શિષ્યોને સમજાયું ન પેલા માણસને...તે તો તુમાખીમાં સતત સવાલો પૂછતો જ રહ્યો અને આમ સાંજ પડી ગઈ. સાંજ પડતાં પેલા માણસે અભિમાન અને ગુસ્સા સાથે કહ્યું, ''તમે ખોટા ઝેન માસ્ટર બની બેઠા છો,હું સવારથી તમને પ્રશ્નો પૂછું છું અને મારા એક પણ પ્રશ્નનો તમે જવાબ આપ્યો નથી.તમે કંઈ જાણતા જ નથી તો પછી તમે ઝેન ગુરુ કઈ રીતે?''

માણસ અભિમાનમાં ચૂર થઇ કંઈ પણ બોલી રહ્યો હતો. ઝેન ગુરુ બોલ્યા,''હું સવારથી તમારા પ્રશ્નો સાંભળી રહ્યો છું અને મેં બધાના જવાબ પણ આપ્યા જ છે.'' માણસ આ સાંભળી ચકિત થઇ ગયો. તે બોલ્યો, ''તમે સવારથી મૌન છો. એક શબ્દ પણ બોલ્યા નથી. તમે ક્યાં કોઈ જવાબ આપ્યો જ છે.''

ઝેન માસ્ટર બોલ્યા, ''મારું મૌન પણ એક જવાબ જ છે.તમે બધા પ્રશ્ન જાણકારી મેળવવા નહિ પણ મને નીચું દેખાડવા, વાદ વિવાદ માટે પૂછ્યા છે અને હું કોઈ વાદ વિવાદ કરવા માંગતો જ નથી એટલે મેં મારો જવાબ મૌનથી આપી દીધો છે.''

પેલો માણસ ચૂપ થઈ નીચું જોઈ ગયો.એક શિષ્ય બોલ્યો, ''તમારા સવાલના જવાબમાં અમારા ગુરુજીના શબ્દો નહિ તેમનું મૌન જ જવાબ છે.''

# ટીએમસી-કોંગ્રેસનું મિલન? : રાજનીતિમાં બધું શક્ય!

## રાજ્યોની વણઝાર

**કૌશિક મહેતા**

### વિપક્ષી ગઠબંધનનો ચહેરો કોણ બનશે- રાહુલ ગાંધી કે મમતા બેનરજી? આ સવાલ હંમેશા બંને પક્ષો વચ્ચે ગૂંચવાડો ઊભો કરતો આવ્યો છે

એક ચૂંટણીની હાર આખું દૃશ્ય બદલી નાખે છે. હજુ હમણાં સુધી ભાજપ સામે નહોર ભેરવનારી અને ઈન્ડિયા ગઠબંધનને નહિ માનનારી બંગાળની વાઘણ મમતા બેનરજીની હાલત ખરાબ છે. દયનીય છે એમ કહીએ તોય ચાલે. આ સ્થિતિમાં એ શું કરી શકે? બંગાળમાં ભાજપના હાથે શરમજનક હાર બાદ એમની પાર્ટી તૂટી રહી છે. બળવો થઈ રહ્યો છે. ધારાસભ્યો પછી સાંસદો પણ પક્ષ છોડી રહ્યા છે અને એમાંય મમતાની સાવ નજીકના લોકો પક્ષ છોડી રહ્યા છે. આ સ્થિતિમાં એમની પાસે શું ઉપાય બચે છે? કોંગ્રેસ સાથે હાથ મિલાવી, કોંગ્રેસમાં જ ભળી જવું. ઘરવાપસી કરવી એ એક જ રસ્તો બચ્યો છે?

રાજકારણમાં ગમે તે થઈ શકે છે. ભાજપ માયાવતી કે પછી મહેબુબા મુફ્તી સાથે સરકાર રચી શકે અને અન્ય પક્ષોના દાગદાર નેતાઓને પોતાના પક્ષમાં સમાવી શકે અને એમને પદ પણ આપી શકે તો મમતા બેનરજી અને કોંગ્રેસનું મિલન અથવા ગઠબંધન રાજકીય દૃષ્ટિએ માત્ર શક્ય જ નથી, પરંતુ વર્તમાન પરિસ્થિતિઓમાં બંને પક્ષો માટે એક મજબૂત મજબૂરી અને જરૂરિયાત પણ બની ગયું છે.

દિલ્હીમાં ઈન્ડિયા ગઠબંધનની બેઠક બાદ મમતા બેનરજી અને સોનિયા ગાંધી વચ્ચે યોજાયેલી લાંબી બંધ બારણે મુલાકાત અને મીડિયામાં ચાલી રહેલી ચર્ચાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે બંને પક્ષો ભવિષ્ય માટે એકબીજાની ખૂબ નજીક આવી રહ્યા છે. આ મિલનની શક્યતા અને તેની પાછળનાં મુખ્ય પરિબળો કયાં છે, આવો એ સમજીએ.

બંગાળમાં ભાજપના ઐતિહાસિક વિજય પછી, મમતા બેનરજી માટે પોતાનું અસ્તિત્વ બચાવવા અને કોંગ્રેસ માટે રાષ્ટ્રીય સ્તરે એન્ટી-બીજેપી મોરચો મજબૂત કરવા માટે એકસાથે આવવું અનિવાર્ય છે. પશ્ચિમ બંગાળની સ્થાનિક ચૂંટણીઓમાં ભલે બંને પક્ષો અલગ લડ્યા હોય, પરંતુ દિલ્હીના સ્તરે સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મમતા બેનરજી વચ્ચે હંમેશા અંગત આદર અને સંવાદની કડી જોડાયેલી રહી છે. ૨૦૨૯ની આગામી લોકસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને વ્યૂહરચના અત્યારથી જ ઘડાઈ રહી હોય તેવું સ્પષ્ટ દેખાય છે.

ભૂતકાળમાં પણ જ્યારે પણ ગઠબંધનની વાત આવી છે, ત્યારે તૃણમૂલ કોંગ્રેસ બંગાળમાં સિંહફાળો (વધુ બેઠકો) રાખવા માંગે છે, જ્યારે કોંગ્રેસ પોતાના રાષ્ટ્રીય કદ પ્રમાણે સન્માનજનક બેઠકોની માંગ કરે છે. સત્તા ગુમાવ્યા બાદ હવે બેઠકોની સોદાબાજી કેવી રહે છે તે જોવાનું રહેશે.

વિપક્ષી ગઠબંધનનો ચહેરો કોણ બનશે-રાહુલ ગાંધી કે મમતા બેનરજી? આ સવાલ હંમેશા બંને પક્ષો વચ્ચે ગૂંચવાડો ઊભો કરતો આવ્યો છે. એમ કહેવામાં આવે છે કે, મમતાને કોંગ્રેસમાં આવે તો ઉપાધ્યક્ષપદ અપાય અને અભિષેક બેનરજીને મહામંત્રીની ઓફર થઈ છે. પણ અભિષેક વધુ માગે છે, એ મમતા માટે લોકસભામાં વિપક્ષી નેતાપદ માગે છે અને પોતા માટે કોંગ્રેસનું પ્રમુખપદ. જે શક્ય નથી. વળી, મમતા અને એની પાર્ટી આવી માગણી કરી શકે એવી સ્થિતિમાં નથી. પાર્ટી તૂટી રહી છે અને એ વધુ ના તૂટે એ પહેલાં કોઈ નિર્ણય એમણે કરવો પડશે અને એમાં કોંગ્રેસ કહે એમ કરવું પડશે.

૨૦૨૯ની સામાન્ય ચૂંટણીઓ પહેલાં ભાજપ સામે એક મજબૂત વિકલ્પ ઊભો કરવા માટે બંને પક્ષો પોતાના મતભેદો બાજુ પર મૂકીને 'વ્યૂહાત્મક સમજૂતી' કરે તેવી પૂરેપૂરી શક્યતા છે.

તૃણમૂલ કોંગ્રેસના કુલ ૮૦ ધારાસભ્યો ચૂંટાયા હતા, ૮૦માંથી ૫૮ ધારાસભ્યોએ ખુલ્લેઆમ બળવો કર્યો છે. આ ૫૮ ધારાસભ્યોએ પક્ષમાંથી હાંકી કઢાયેલા નેતા રીતબ્રત બેનરજીને પશ્ચિમ બંગાળ વિધાનસભામાં વિપક્ષના નેતા તરીકે ચૂંટવા માટે સહીઓ કરી આપીને મમતા બેનરજીના આદેશને સીધો પડકાર્યો છે. લોકસભામાં તૃણમૂલ કોંગ્રેસના કુલ ૨૯ સાંસદો છે, રામમંદિરમાં ચઢાવાની ચોરી!

સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે અયોધ્યા રામ મંદિરના ચઢાવા (દાન) ને લઈને એક મોટો આક્ષેપ કર્યો છે, જેના કારણે ઉત્તર પ્રદેશ અને દેશના રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. અખિલેશ યાદવે સોશિયલ દાવો કર્યો કે મીડિયા અહેવાલો અનુસાર, અયોધ્યા રામ મંદિરમાં શ્રદ્ધાળુઓ દ્વારા ચડાવવામાં આવેલા કરોડો રૂપિયાનો ચઢાવો (દાન) ગાયબ થઈ ગયો છે. કેટલાક અહેવાલોમાં આ રકમ રૂ. ૫ કરોડથી રૂ. ૭.૫ કરોડ હોવાની આશંકા દર્શાવવામાં આવી છે. તેમણે આ વિષયને વિશ્વભરના સનાતની ભક્તોની આસ્થા સાથે જોડાયેલો અને અત્યંત સંવેદનશીલ ગણાવીને કોર્ટને આ મામલે જાતે વિનંતી કરી છે.

પરંતુ કોઈ એક્શન લેવાને બદલે નોટોની ગણતરી થતી હતી તે રૂમના કેટલાક મહિનાના સીસીટીવી ફૂટેજ ડિલીટ કરાવી દેવામાં આવ્યા અને પોતે ફરિયાદ કરી હોવાથી તેમને પદ પરથી હટાવી દેવાયા.

મહિપાલ સિંહે જણાવ્યું કે નોટો ગણવા માટે ૧૪ લોકોની ડ્યુટી હતી અને બેંકના બે અધિકારીઓ રોજ આ નોટો બોક્સમાં ભરીને લઈ જતા.

આ આરોપો સામે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટનાં જનરલ સેક્રેટરી ચંપત રાયે સ્પષ્ટતા કરી છે કે રામ મંદિર ટ્રસ્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI) ના સ્ટાફ દ્વારા સમય-સમય પર ઈન્ટરનલ ઓડિટ કરવામાં આવે છે. હાલમાં પણ આ ઓડિટ પ્રક્રિયા ચાલુ જ છે અને અત્યાર સુધી તપાસમાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ કે શંકાસ્પદ બાબત સામે આવી નથી. બીજી બાજુ, ભાજપના પૂર્વ સાંસદ બ્રિજભૂષણ શરણસિંહે મીડિયા સાથેની વાતચીતમાં આ ચોરીના આક્ષેપો અંગે સીધું બોલવાનું ટાળ્યું હતું, પરંતુ ઈશારા ઈશારામાં ઘણું બધું કહી દીધું.

તેમણે જણાવ્યું, "જો હું સાચું બોલીશ તો ભારે મુશ્કેલીમાં આવી જઈશ. તે લોકો ખૂબ મોટા માણસો છે. અત્યારે સાચું બોલવાની મારી હિંમત નથી, સમય આવ્યે સાચું બોલીશ."

હવે આ મુદ્દે રાજકારણ શરૂ થયું છે. સત્ય તો બહાર આવવું જ જોઈએ. કારણ કે આ નાણાં લોકોએ આપેલા છે. શ્રધ્ધાથી આપેલા છે એમાં કોઈ ગોલમાલ થઈ ના હોવી જોઈએ અને થઈ હોય તો એ મુદ્દે નક્કર પગલાં લેવાવાં જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વીજ કાર (EV)

પશ્ચિમ એશિયાના યુધ્ધને કારણે આપણા ભારત સહિત વિશ્વભરમાં ઈંધણનો પુરવઠો ખોરવાયો છે ત્યારે મોટા ભાગના દેશો ઈંધણના વિકલ્પ તરીકે વીજ વપરાશ વધારી રહ્યા છે, જેમાં વીજ સંચાલિત કારના ઉપયોગનો સમાવેશ થાય છે.

વીજ કારના ફેલાવાની દષ્ટિએ વૈશ્વિક સ્તરે આપણો દેશ તેના હરીફોથી ઘણું જ પાછળ (છેલ્લે નંબરે) હોવાનું પ્રાપ્ત માહિતી પરથી જણાય છે.પેરિસ સ્થિત ઈન્ટરનેશનલ એનર્જી એજન્સીના ડેટા પ્રમાણે વર્ષ 2025માં વિશ્વ સ્તરે વેચાયેલી નવી કારોમાં વીજ કારોનો હિસ્સો 25 ટકા જેટલો રહ્યો હતો. જ્યારે આપણા દેશમાં ગત વર્ષમાં વેચાયેલી નવી કારોમાં વીજ કારોનો (EV)નો હિસ્સો માત્ર 4 ટકા જ રહ્યો હતો જે વિશ્વના 25 ટકાનો 6ઠ્ઠો ભાગ હતો.

ગ્રીન એનર્જીની વાતો વચ્ચે ઈલેક્ટ્રીકલ વાહનોના પ્રોત્સાહન, ખરીદી અને ઉપયોગમાં આપણું ગુજરાત ટોપ ટેન રાજ્યોમાં પણ આવેલ નથી. ગુજરાત સરકારે ટુ વ્હીલર પર 20 હજાર રૂપિયા અને ફોર વ્હીલર પર 1.5 લાખ રૂપિયાની

વર્ષ 2024થી ઈ.વી. ટુ વ્હીલર પર સીધી ફેરા સબસીડી બંધ કરી દીધી. રાજ્ય સરકારે ઈ.વી. વાહનો માટે ચાર્જીંગ સ્ટેશન સહિત ઈન્ફ્રાસ્ટ્રાક્ચરની સુવિધા પણ ઊભી કરી નહીં તેથી ઈ.વી. વાહનો ખરીદવાનું લોકો ટાળી રહ્યાં છે. ઈ.વી.ને હવે લોકો અપનાવતાં થયાં છે પણ ઈ.વી. ના ચાર્જીંગ/રીપેરીંગનો અભાવ જણાય છે.પેટ્રોલ/ડીઝલ/સીએનજી સંચાલિત કારનું વેચાણ સંપૂર્ણ બંધ કરનારો નોર્વે વિશ્વનો પ્રથમ દેશ બનેલ છે. નોર્વેએ 100 ટકા ઈ.વી. વેચાણના પોતાના ટાર્ગેટ પૂર્ણ કરેલ છે, જે અભિનંદનને પાત્ર છે.

**અમદાવાદ - પ્રવીણ રાઠોડ**

## આવી કરકસર?

શ્રી મોદી સાહેબે કરકસરનાં જે પગલાં બતાવ્યાં છે તે સાવ સામાન્ય કક્ષાનાં છે. નેતાઓના વિદેશ પ્રવાસમાં ઘટાડો. નેતાઓની સુરક્ષાની ફોજમાં ઘટાડો, સોનાની ખરીદી એક વર્ષ બંધ, આનાથી કોઈ શુક્રવાર થવાનો નથી. સખત પગલાં લેવાં હોય તો(1) સંસદસભ્ય, ધારાસભ્ય, કોર્પોરેટરને અપાતી ગ્રાંટ એક વર્ષ માટે બંધ કરવી જોઈએ.(2) 300થી 400 રૂપિયામાં આખો મહિનો અનલીમીટેડ કોલ્સ મળતાં હોય તો MLAને મળતા વધારાના રૂપિયા તાત્કાલિક બંધ કરવા જોઈએ.

(3) ભારત આઝાદ થયા બાદ રાજા રજવાડાં ભારતમાં ભેળવી દેવાયાં તેના બદલામાં સરકાર તરફથી સાલિયાણાં બાંધી આપેલાં જે ઈંદિરા ગાંધીએ બંધ કરાવેલાં. એ જ રીતે જે ભૂતપૂર્વ સાંસદ ધારાસભ્ય કોર્પોરેટર છે તેમનો તમામ ખર્ચ, પેન્શન બંધ થવાં જોઈએ.(4) સાંસદો, ધારાસભ્યો ચાલુ સત્તા દરમ્યાન કેન્ટીનમાં જે ભોજન પાણી મેળવે છે તે સ્વખર્ચે લેવું જોઈએ.(5) સરકારે સાધુ સંતો મહંતોને જનતાની વચ્ચે જઈ વિદેશી ચીજવસ્તુના બહિષ્કાર અથવા તેનો ઉપયોગ ઓછો કરવા જનતાને સમજાવવા સૂચન કરવું જોઈએ.

(6) દેશ ઉપર તેલ સંકટ-ભાવવધારાનું સંકટ તોળાતું હોય તો પ્રત્યેક પોલીટીસ્ટનના પગારભથ્થામાં 30% કાપ મૂકવો જોઈએ.

દેશના કરોડો રૂપિયા બચી જાય. વધારામાં રાજ્યપાલ ભવનને હોટલમાં તબદીલ કરી આવક પણ મળી શકે. ઉપરની તમામ રજૂઆત અમલમાં મુકાય તો પેટ્રોલ રૂા. 60 લીટરના થઈ જાય.

**પુણા ગામ - યશવંત પારેખ**

## જળસંકટ

જળ માનવજીવનની મુખ્ય જરૂરિયાત છે. જળ વિનાની જિંદગીની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આપણે ત્યાં તો પાણીની એટલી બધી સમસ્યા નથી. જો કે ઘણી વાર પાણીકાપ સહન કરવો પડે છે.

પરંતુ દેશના અંતરિયાળ વિસ્તારો કે જ્યાં ગરીબીનું સામ્રાજ્ય આજે પણ દેખાય છે. લોકો પાણી માટે વલખાં મારે છે. બળબળતા બપોરે પાણીનાં બેડાં માથે લઈને દૂર દૂર સુધી જાય છે. એટલું જ નહીં 40થી 50 ફૂટ ઊંડા કૂવામાં જ્યાં પાણીનું નાનું ઝરણ દેખાય છે એવા કૂવામાં તેઓ જીવના જોખમે ઊતરે છે અને નાના પવાલા જેવા વાસણ વડે બે કલાકે મોટા વાસણને પાણીથી ભરે છે. પછી કૂવાની બહાર આવીને પાણી ભરેલું વાસણ માથે ઉપાડી ઘર સુધી જાય છે.

આવી વિટંબણા આજની તારીખે આ લોકો સહન કરે છે. આવી યાતનામાંથી છૂટકારો મળે તેવી યોજના સરકારે અમલમાં મૂકવી જોઇએ અને આ લોકો સુધી પ્રાથમિક સુવિધા પહોંચાડવી જોઇએ.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

## શેરબજારમાં વિશ્વાસ જાળવવા કડક કાર્યવાહી જરૂરી

તાજેતરમાં SEBI દ્વારા રાજેશ એક્સપોર્ટ્સ અને તેના પ્રમોટર વિરુદ્ધ કરવામાં આવેલી વચગાળાની કાર્યવાહી રોકાણકારો, નાણાંકીય સંસ્થાઓ અને દેશની નિયમનકારી વ્યવસ્થા સામે અનેક મહત્ત્વપૂર્ણ પ્રશ્નો ઊભા કર્યા છે.

SEBIના વચગાળાના આદેશ અનુસાર, નાણાંકીય વર્ષ 2021 થી 2025 દરમિયાન આશરે 15.15 લાખ કરોડની આવક અંગે ખોટી રજૂઆત કરવામાં આવી હોવાનો આરોપ છે. જો તપાસ અને કાનૂની પ્રક્રિયા બાદ આ આરોપો સાચા સાબિત થાય, તો આ પ્રકરણ ભારતીય કોર્પોરેટ ઇતિહાસની સૌથી મોટી નાણાંકીય ગેરરીતિઓમાંનું એક બની શકે છે.

વિશેષ ચિંતાનો વિષય એ છે કે દેશની અગ્રણી અને વિશ્વસનીય વીમા સંસ્થા LIC કંપનીમાં અંદાજે 11 ટકા હિસ્સેદારી ધરાવે છે.

નાણાકીય બજારોમાં જનવિશ્વાસ જાળવવા માટે નિયમનકારી સંસ્થાઓએ સતત, પારદર્શક અને અસરકારક જવાબદારી દર્શાવવી જરૂરી છે. આ સમય કોઈ ઉતાવળભર્યો નિષ્કર્ષ કાઢવાનો નથી, પરંતુ હકીકતો સામે આવવા દેવાનો અને કાયદા અનુસાર યોગ્ય કાર્યવાહી થવાની રાહ જોવાનો છે.

લાખો રોકાણકારોનો વિશ્વાસ ભારતીય અર્થવ્યવસ્થાની સૌથી મોટી મૂડી છે. તેની સુરક્ષા કરવી માત્ર સરકાર કે નિયમનકારી સંસ્થાઓની જ નહીં, પરંતુ સમગ્ર સમાજની સામુહિક જવાબદારી છે.

**સુરત - આશિષ ટેલર**

## પાડા લડે અને ઝાડની ખો નીકળે

આજના વિજ્ઞાનયુગમાં તથા કળિયુગમાં ભાઈ ભાઈનો વેરી થઈ રહ્યો છે. એક પડોશી બીજા પડોશીનો દુશ્મન થઈ રહ્યો છે અને એક મુલ્ક બીજા મુલ્કનો શત્રુ બન્યો છે. દરેક વ્યક્તિ બીજી વ્યક્તિને દબાવીને પોતાનું મહત્ત્વ સાબિત કરવા માંગે છે. આજે માનવી માનવીના ખૂનનો પ્યાસો થઈ ગયો છે. નાની સરખી વાતમાં મારામારી, લડાઈ ઝઘડા અને ખૂનરેજી થઈ રહી છે. લોકોમાં હવે લાગણી, પ્રેમ ભાવ અને હેત ખોવાઈ ગયાં છે અને દરેક વ્યક્તિમાં નફરત, ધૃણા અને બદલાની ભાવના વધી ગઈ છે. પ્રજાએ મોંઘવારીનો માર સહન કરવો પડે છે.

આમાં મધ્યમ વર્ગનાં લોકોને બહુ સહન કરવું પડે છે. હાલમાં તઘલખી ટ્રમ્પના તઘલખી નિર્ણયોથી દુનિયામાં હાહાકાર મચી ગયો છે. ભારત તથા અન્ય દેશો ઉપર ટેરિફ વધારી દીધા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધ છેડાઈ ગયું છે અને કોઈ કોઈને મચક આપવા તૈયાર નથી. આના કારણે પેટ્રોલ, ડીઝલ, ગેસ સિલિન્ડર વિગેરેના ભાવ આસમાને પહોંચ્યા છે. અગાઉ ઈરાન, ઈરાક અને ઈઝરાયલ તથા યુક્રેન અને રશિયા વચ્ચે યુદ્ધ છેડાઈ ગયાં હતાં. ગયા વર્ષે ભારત અને પાકિસ્તાન વચ્ચે પણ યુદ્ધ થઈ ગયું હતું. તાજેતરમાં બાંગ્લા દેશ અને આપણી સરહદ વચ્ચે રોજ વિવાદ અને પથ્થરમારો થતા રહે છે.

આમાં માનવીની જિંદગી હોમાઈ જાય છે અને પછી એની આડઅસર દેશને ખોખલો અને પાયમાલ કરી નાંખે છે. આજે દરેક દેશ મહાસત્તા બનવા માટે તનતોડ પ્રયત્નો કરતાં જ રહે છે અને બીજા દેશ સાથે અથડામણ તથા યુદ્ધ કરવા પ્રેરિત થાય છે. આમાં બીજા કોઈને કે સરકારને કશું વેઠવાનું આવતું નથી, પરંતુ નિર્દોષ અને ભોળી પ્રજાએ વેઠવાનું આવે છે.

**હાલોલ - યોગેશભાઈ જોશી**